# જ્યાં નીરખીને નવ ટૂંકો
# પાતિકનો થાયે ભુક્કો

*સ્વપ્ન જિનશાસન*
*આ. કલ્યાણબોધિસૂરિ*

એક મહાતપસ્વિનીએ સિદ્ધાચલ તીર્થમાં રાત્રિભોજન બંધ થાય, એવી પવિત્ર ભાવનાથી ૧૮૦ (સળંગ) ઉપવાસ કર્યા. પરિણામ? ગિરિરાજની અનેકવિધ આશાતનાઓને રોકવા માટે નાના - મોટા અભિયાનો થયા, વિવિધ સાહિત્ય બહાર પડ્યું, પરિણામ? નવ ટૂંકની જાત્રા મોટા પ્રમાણમાં ચાલું થાય, અને તેના દ્વારા યાત્રિકો અને તીર્થ બંનેને ખૂબ લાભ થાય, એ માટે પણ પ્રયત્નો કરવામાં આવ્યા. પરિણામ? ઉપરોક્ત બધા ઉદ્દેશ્યો મહદંશે પાર પડે, એવો એક ઉપાય દેખાઇ રહ્યો છે, તે છે પાલીતાણાના રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ અને ધર્મશાળાઓથી માંડીને સંપૂર્ણ ગિરિરાજની કાયાપલટનો. ટ્રેનથી કે રોડથી જે પણ વ્યક્તિ પાલીતાણા આવે છે, તેને પાલીતાણામાં પગ મુકતાની સાથે પોતે જે પરમ પાવન તીર્થભૂમિમાં આવી ગયો છે, એની ગરિમાની એને પ્રતીતિ થાય, એવો માહોલ એને ડગલે ને પગલે જોવા મળે, કલાત્મક ફ્રેમોમાં રહેલા દીર્ઘાયુષી વિરાટ ફ્લેક્સો હોય. જેમાં ગિરિરાજનો અપરંપાર મહિમા વર્ણવ્યો હોય. આદીશ્વરદાદાની, જિનાલયોની, ગિરિરાજની વિવિધ રીતે પ્રસ્તુતિ થઇ હોય, ગિરિરાજની આશાતનાના કટુ વિપાકો વર્ણવ્યા હોય. હાઇવેથી માંડીને આખો ય તળેટી રોડ આ રીતે સુસમૃદ્ધ અને અદ્‌ભુત બની ગયો હોય.

ગિરિરાજને ચડતાં ચડતાં પગથિયાંઓની બંને બાજુએ આ જ માહોલ હોય, પણ એની અસરકારકતા અનેક રીતે વધી ગઇ હોય. કારણ કે હવેની સામગ્રી અતિ ઉચ્ચ હોય, હવેના દૃશ્યો અને લખાણો પણ ખુબ ખુબ ચોટદાર હોય. એક એક દશ્ય અને એક એક લખાણ યાત્રિકોના રુંવાડા ઉભા કરી દે. પ્રાચીન અને અર્વાચીન યાત્રિકોએ અને તપસ્વીઓએ અહીં કેવા કેવા વર્લ્ડ રેકોર્ડોનું સર્જન કર્યું છે, એનો આબેહુબ ચિતાર આપ્યો હોય. આ તીર્થના એક એક કાંકરેથી અનંતાનંત આત્માઓ સિદ્ધ થયા છે, એ વાત અનેકાનેક રીતે એક - એક યાત્રિકના સંવેદનની કક્ષાએ પહોંચાડી હોય. સિદ્ધાચલથી સિદ્ધિને વરનારા પાંચ પાંડવો, થાવચ્યા પુત્ર, નમિ - વિનમિ, નારદજી વગેરેની દેરીઓની આજુ - બાજુ તે તે મુકિતગામી મહાપુરુષોની પરાક્રમગાથાને વર્ણવતી આર્ટ ગેલેરી હોય. મોટા ભાગના યાત્રિકો આ શું છે, એની ય દરકાર કર્યા વિના 'ક્યાંક' પહોંચી જવા માટે આગળ વધતા હોય છે. તેઓ આર્ટ ગેલેરીના કારણે તે તે મહાપુરુષોના જીવનને સાક્ષાત્ જુએ. તે તે પરાક્રમોને નિહાળીને તેમાંથી પ્રેરણા લે, અને ગિરિરાજ પ્રત્યેના અહોભાવના ગુણાકારો કરતાં કરતાં આગળ વધે. સમગ્ર યાત્રા અહોભાવયાત્રા

બને, પોતાના જીવનના પાપોની પશ્ચાત્તાપયાત્રા બને. બિસ્કીટના પેકેટો એમ ને એમ રહી જાય. પાણીની બોટલ ફેંકવાનો વિચાર સુદ્ધા ન આવે. બોરીવલીના સમકિત ગ્રુપે અહીં બે દિવસના શુદ્ધીકરણમાં ૫૫૦ કોથળા ભરીને કચરાનો નિકાલ કર્યો હતો. ઉપરોક્ત સ્વપ્ન સાકાર બને, તો કદાચ બીજી વાર શુદ્ધીકરણના આયોજનમાં તેમને શુદ્ધ યાત્રા જ થાય, કે નહીંવત્ શુદ્ધિકરણ થાય.

જે જે સ્થાનોમાં યાત્રિકો વિશેષ સંખ્યામાં વિશ્રામ લેવા બેસે છે, તે તે સ્થાનોમાં દાદાની વિરાટ પ્રતિકૃતિની સમક્ષ નિત્ય ભક્તિનો માહોલ જામ્યો હોય. કુશળ ગીતકારો - સંગીતકારોને આઠ મહિના માટે અપોઇન્ટ કરી દીધાં હોય. દાદાની અને ગિરિરાજની ભકિતના સ્તવનો, ગીતો, સ્તુતિઓ, દુહાઓ વગેરે દ્વારા આખું ય વાતાવરણ ભક્તિમાં તરબોળ બની ગયું હોય.

આ રીતે આગળ વધતાં વધતાં જ્યાં રામપોળ આવે, ત્યાં તો જાણે સાક્ષાત્ દેવલોક આવી ગયો હોય એવું દશ્ય હોય. દાદાની ટૂંક સહિત સમગ્ર નવ ટૂંકોમાં, એક એક જિનાલયમાં, એક એક દેરીમાં, એક એક ઘુમ્મટમાં, એક એક લાદીમાં આખી દુનિયાનો વૈભવ ઠાલવી દીધો હોય. એક એક ટુંકમાં કરોડો રૂપિયા લગાવી દીધા હોય, વિશ્વભરની કળાઓને ઠાલવી દીધી દોય. આ કરોડો રૂપિયા એવી રીતે લગાવ્યા હોય કે એમાં ચોરી વગેરેનું જોખમ શૂન્ય હોય. એ વૈભવને ફાટી આંખે જોઇ શકાય, મંત્ર મુગ્ધ થઇ જવાય, આફરીન આફરીન પોકારી જવાય, પણ એમાંથી એક પૈસા જેટલી પણ ચોરી ન કરી શકાય.

સોનાના વરખનું કામ, કાચનું કામ, નકશીકામ, અદ્દભુત ઝુમ્મરો, પ્રતિબિંબ - વિજ્ઞાનની કરામતો, ચુંબકીય વિજ્ઞાનની કરામતો, વિવિધ પ્રકારોથી પ્રસ્તુત થયેલા પ્રભુના ચરિત્રો.......... નિત્ય મહાપૂજાઓ... દુનિયાના શ્રેષ્ઠ કક્ષાના સંગીતકારો દ્વારા એક એક ટુંકમાં નિત્ય ભકિતની રમઝટો. પવન સંચાલિત ઘંટડીઓના સર્વત્ર સુમધુર ધ્વનિઓ..... સર્વત્ર ટોંચ કક્ષાની ધૂપસળીઓ અને અગરબત્તીઓ. એક ટુંકમાં આખી મોગરાની મહાપૂજા..... એકમાં ગુલાબની.... એકમાં ચંપાની..... એકમાં કમળની.... એકમાં જાસૂદની... એકમાં જાઇની....

ક્યાંય કૃત્રિમ નહીં, ક્યાંય વીજળી નહીં, ક્યાંય યંત્રો નહીં... બધું જ પ્રાકૃતિક.... બધું જ શુદ્ધ.... બધું દીવડાઓની જયોતિઓથી ઝળાહળા..... બધું જ આલ્હાદક.

હવે નીચે ભેળવાળા રાહ જોતા રહી જશે, બજાર સૂમસામ થઇ જશે, ભગત હવે નીચે ઉતરે તો ને? રે.... નીચે ઉતરવાની વાત તો દૂર છે, એક એક ટુંક... એક એક જિનાસલમાંથી એને ખસવાનું મન થાય તો ને? 'યહા બાર બાર આના' એવું ગાવામાં આવે છે, પણ હવે એનું અંતર ગાશે - 'યહા સે કભી નહીં જાના.'

એક એક યાત્રિકની માત્ર યાત્રા જ નહીં, આખું જીવન સુધરી જશે એના જન્મોજનમ ?સુધરી જશે. એ ગદ્ગદ્ બની જશે. ‘પ્રભુ’ એને અનુભુતિની કક્ષાએ - ખરેખર ‘દેવાધિદેવ’ લાગશે. સંપત્તિનો - સ્ત્રીનો - શરીરનો કે દુનિયાની ઝાકઝામાળનો બધો જ રાગ આ એક જ દિવસમાં ઉતરી જશે. બીજી વાર એ ત્રણ દિવસનો પ્રોગ્રામ કરીને આવશે. શક્ય હશે તો અઠ્ઠમ કરીને ધરાઇ ધરાઇને ભક્તિરસ પીશે.

ઉતરવાના રસ્તામાં - ઉતરતા નજરે પડે તેમ - ગિરિરાજના ગૌરવવંતા ઇતિહાસો હોય - ગિરિરાજની યાત્રા કરવા દ્વારા યાત્રિકે જે પુણ્યનું ઉપાર્જન કર્યું છે. જે પાપોનો ભુકકો બોલાવ્યો છે, તેની પ્રતીતિ કરાવતા આલંબનો હોય અને આ પુણ્ય આજે જ ધૂળમાં ન મળી જાય. ઉલ્ટું બીજા પાપોના પોટલા માથે ન ચડી જાય, એ માટેની ભારપૂર્વકની પ્રેરણાઓ ડગલે ને પગલે હોય.

આ સંપૂર્ણ ઉપાય ‘દેવદ્રવ્ય’ દ્વારા પ્રયુક્ત કરી શકાય છે. શરત એટલી કે જેમને જેમને ચૂકવણી કરવાની છે, તે સંગીતકારો વગેરે જૈન ન હોવા જોઇએ. દેવદ્રવ્ય પર સરકારની નજર બગડે તે પહેલા તેનો આવો સદ્ઉપયોગ થઇ જાય, તેનાથી રૂડું બીજું શું?

પૂજનીય ગુરુ ભગવંતો પ્રેરણા કરે, શ્રીસંઘના અગ્રણીઓ સક્રિય બને અને વહીવટદારો સમ્મત થાય, તો ગિરિરાજની ગરિમાના કલ્પનાતીત ગુણાકારો થશે, આશાતનાઓના ભાગાકારો થશે, અને સ્તવનની આ પંક્તિ ખરેખર સાકાર થશે - જ્યાં નીરખીને નવ ટુંકો, પાતિકનો થાયે ભુકકો.